CITY પલ્સ

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૫ મે, ૨૦૨૬

મજ્જેની LIFE

# કિટી પાર્ટીના બદલાયા રંગ: યોગા, ફેસ્ટિવલ્સ, ધાર્મીક થીમ પર કલરફૂલ બની પાર્ટી

કિટી પાર્ટી મહિલાઓના મનોરંજનનું એક માધ્યમ છે. તેમાં સખીઓ ભેગી થઈને ગેમ્સ રમે, મસ્તી-ધમાલ કરે અને મનગમતું ફૂડ એન્જોય કરે છે. એક સમયે ઘરમાં ભેગા થઈ શરૂ થયેલી કિટી પાર્ટીનું સ્વરૂપ બદલાયું. તેણે ભવ્ય અને સ્ટાઈલિશ રૂપ લેવાની સાથે તે હોટેલ, રેસ્ટોરન્ટ, ફાર્મ હાઉસ, રિસોર્ટમાં આયોજિત થવા લાગી. અત્યારના સોશ્યલ મીડિયાના જમાનામાં કિટી પાર્ટી હવે એવી એવી થીમ પર થવા લાગી છે જેની કલ્પના થોડા વર્ષ પહેલાં કોઈને થઈ પણ નહીં હોય. ગામડાની વાઈબ્સ આવે તેવું ગામઠી સ્ટાઈલનું ડેકોરેશન, ગામઠી વેશભૂષામાં કિટી પાર્ટી થવા લાગી છે. હેલ્થની થીમ પર, વિવિધ રાજ્યના ફેસ્ટિવલ્સની થીમ પર કિટી પાર્ટીને રંગી દેવામાં આવી છે. ચાલો બીજી કઈ કઈ આકર્ષિત થીમ પર આવી પાર્ટી સુરતની સ્માર્ટ, સ્ટાઈલિશ અને ક્રિએટિવિટીને વરેલી નારીઓ આયોજિત કરે છે અને કેમ તે જાણીએ...



## સોશ્યલ મીડિયાના લોગોઝ તથા હાઉઝીનું પાર્ટીમાં અટ્રેક્શન

**સોશ્યલ મીડિયા હવે તો મોટાભાગના લોકોના જીવનનો હિસ્સો બન્યું છે. જ્યોતિ આહુજાએ જણાવ્યું કે, અમે ફ્રેન્ડ્સ ગ્રુપે સોશ્યલ મીડિયાની થીમ પર કિટી પાર્ટી કરી હતી. સોશ્યલ મીડિયાના જે લોગો છે તેના જે કલર છે તેવા કલરવાળા અમે કપડાં પાર્ટીમાં પહેર્યા હતાં, જેમકે, મેં chatGPTના સિમ્બોલનો બ્લેક એન્ડ વ્હાઇટ કલરનું ટોપ પહેર્યું હતું. એક ફ્રેન્ડે ફેસબુકના વ્હાઇટ અને બ્લુ કલરના, ઇન્સ્ટાના પિંક, વોટ્સએપના સિમ્બોલના ગ્રીન કલરના કપડાં પહેર્યા હતાં. દરેકે હાથમાં સોશ્યલ મીડિયાના સિમ્બોલના નાના કાર્ડ હાથમાં રાખ્યા હતાં. હાઉઝી પણ સોશ્યલ મીડિયાની બનાવી હતી.**



## રામાયણની થીમ પર કિટી પાર્ટી

મોના શાહે જણાવ્યું કે અમારા 17 ફ્રેન્ડ્સનું ગ્રુપ ક્યારેક ગોવા, ક્યારેક મહારાષ્ટ્રીયન તો ક્યારેક મારવાડી ઉપરાંત ધાર્મિક થીમ પર કિટી પાર્ટી કરીએ છીએ. હાલમાં જ અમે રામાયણ થીમ પર કિટી પાર્ટી કરી હતી. ધાર્મિક થિમની આ પાર્ટીમાં રામ, સીતા, લક્ષ્મણ, શબરી, હનુમાનના ગેટઅપમાં અમે બધા ફ્રેન્ડ્સ આવ્યાં હતા. શબરીના હાથમાં બોરની ટોપલી હતી અને હનુમાનના હાથમાં ગદા હતી. અત્યારે કેરીની સિઝન છે તો અમે મેંગોની થીમ પર કિટી કરી હતી. ડેકોરેશનમાં એક મોટી સ્ક્રીન પર મેંગોનું ચિત્ર મૂક્યું હતું. મેંગોની મુવેબલ સેલ્ફી ફ્રેમ બનાવી હતી. બધી ફ્રેન્ડ્સ કિટી પાર્ટીમાં આવી ત્યારે કાગળના મેંગોની સ્ટીક હાથમાં લઈ આવી હતી. તેમનું મેંગો કુટીથી સ્વાગત કર્યું હતું. ટેબલ પર કાચી અને પાકી કેરી મૂકી કચ્ચી કેરી પક્કી કેરી ગેમ રમ્યા, મેંગો પર હાઉઝીની કુકી મુકવાની પણ ગેમ રમ્યા હતા. બધી જ ફ્રેન્ડ્સ યેલો ડ્રેસ પહેરીને આવી હતી. ફ્રેન્ડ્સને કેરીનો રસ અને ઈદડાનું જમણ કરાવ્યું હતું. એક વાર ગોવાની થીમ પર કિટી પાર્ટી કરી હતી તેમાં બધી જ ફ્રેન્ડ્સ ગોવન ટોપી અને આઉટફિટ્સ પહેરીને આવ્યા હતા. મરાઠી થીમમાં મરાઠી કાસ્ટા સાડી પહેરી હતી, ઠેચો અને સિંગ લસણની ચટણી, વડાપાઉં પાર્ટીમાં રાખવામાં આવ્યા હતા. મારવાડી થીમની પાર્ટીમાં દાલબાટી બનાવી હતી.





## આફ્રિકન ડ્રમ પાર્ટીમાં બન્યા સ્ટ્રેસ બસ્ટર

નેહા દોશીએ જણાવ્યું કે, અમે યુનિક થીમ પર કિટી પાર્ટી ઓર્ગનાઇઝ કરીએ છીએ. ડ્રમ સર્કલ કિટી પાર્ટીમાં મ્યુઝીક અવેરનેસ માટે અને સંગીતથી સ્ટ્રેસ ફ્રી ફિલ કરવા માટે અમે આફ્રિકન ડ્રમ વગાડીને એન્જોય કર્યું હતું. મ્યુઝિક હંમેશા સ્ટ્રેસ બસ્ટર તરીકે કામ કરે છે. હાલમાં જ વસંત ઋતુના આગમનને વધાવવા ફ્લોરલ થીમની કિટી કરી હતી. બ્યુટીફૂલ ફ્લાવર્સનું ડેકોરેશન કર્યું હતું, ફ્લાવર્સમાં લોલીપોપ ચોકલેટ  સજાવીને આપી હતી અને જાસૂદના ફુલોનું શરબત સર્વ કરાયું હતું. હમણાં જ હિસ્ટોરીકલ થીમ પર ચોકબજારમાં સ્થિત ઐતિહાસિક કિલ્લાની મુલાકાત લીધી હતી. બાદમાં ચોક બજારમાં રસ્સાવાળા ખમણ, લોચો કોલ્ડ કોકો ટિપિકલ સુરતી ફૂડ એન્જોય કર્યું હતું.

## રાજસ્થાની કાર્નિવલ, લોહરી અને યોગા થીમ પર પાર્ટી

વેસુમાં રહેતા યશુ જૈન અને તેમની 17થી વધુ ફ્રેન્ડ્સનું કિટી ગ્રુપ છે. તેમણે રાજસ્થાની કાર્નિવલ, પંજાબી થીમ પર લોહરી ફેસ્ટિવલની થીમ, ફ્લાવર પ્રિન્ટ થીમ, યોગા થીમ અને સોશ્યલ મીડિયા થીમ પર કિટી પાર્ટી કરી છે. યોગા થીમ પરની પાર્ટીમાં બધી જ ફ્રેન્ડ્સે અલગ અલગ યોગાસન કર્યા હતા. વિવિધ યોગાસનના પોસ્ટર દીવાલ પર લગાવી યોગની થીમ પર ડેકોરેશન કર્યું હતું. ફૂડમાં પણ અલગ અલગ હેલ્ધી સલાડની ડિશ સર્વ કરવામાં આવી હતી. રાજસ્થાની કાર્નિવલ થીમની પાર્ટીમાં રાજસ્થાનની અનુભૂતિ કરાવતી કલરફુલ ડેકોરેટિવ છત્રી, રમકડાના ઊંટ, ચારપાઈનું ડેકોરેશન કરાયું હતું. લોહરીની થીમ પરની પાર્ટીમાં ઢોલક, પતંગ, લાઈટવાળી, આર્ટિફિશિયલ ફાયરનું ડેકોરેશન કરાયું હતું.





# આ છે સુરતી યંગ બોયઝની લાઈફ સ્ટાઇલ

# રફલ્ડ હેરલૂક, ઢીલા કપડાં, હાથમાં સ્માર્ટ વૉચ, ખાવામાં પીઝા-પાસ્તા

**તમારા ઘરમાં પણ 13 વર્ષના, 15 વર્ષના કે એનાથી સહેજ મોટી ઉંમરના ટીનેજ બોયઝ હશે. તમે સારા નિરીક્ષણકર્તા હશો તો તમને દેખાશે કે, આ ઉંમરના બોયઝની લાઈફસ્ટાઈલ પહેલાના સમયના બોયઝની તુલનામાં ખાસ્સી બદલાયેલી લાગશે. તેમની લાઈફસ્ટાઈલ ડિજિટલ અને ફેશનેબલ બની ગઈ છે. તેઓ પોતાના લુકને વધારે પ્રાયોરિટી આપવા લાગ્યા છે. અસ્તવ્યસ્ત વાળ રાખવાને તેઓ એટ્રેક્ટિવ હેરસ્ટાઇલ માને છે. ઇલેક્ટ્રોનિક ગેજેટ્સને તેઓ પોતાની લાઇફનો એક ભાગ અને સ્ટેટસ સિમ્બોલ માને છે.  ચાલો આપણે 13 થી 20-21 વર્ષની એજના સુરતી બોયઝની ફૂડ સ્ટાઈલ, તેમના હેરસ્ટાઈલ, તેમના કપડાં પહેરવાની સ્ટાઈલમાં કયા નવા ટ્રેન્ડ આવ્યા છે અને તેને તેઓ કેમ પસંદ કરે છે તે જાણીએ..**

LifeStyle Trends



## બોલ્ડ વાઈબ આપતું અસ્તવ્યસ્ત વાળવાળું રફલ્ડ લુક ગમે

યંગ બોયઝ કે જેઓ 13થી 20-21 વર્ષની ઉંમરના છે તેમને વાળ ઓળવા નથી ગમતા પણ રફલ્ડ લુક જે અસ્તવ્યસ્ત કે વિખરાયેલા વાળ (હેર)ની સ્ટાઇલ હોય છે. આને મેસી (Messy) કે બેડહેડ (Bed Head) લુક પણ કહેવામાં આવે છે જે કેઝ્યુઅલ અને સ્ટાઈલિશ લાગે છે. બોલ્ડ અને કૂલ વાઈબ અસ્તવ્યસ્ત વાળની સ્ટાઇલને બ્રશ કે કાંસકાની જરૂર નથી તે આંગળીથી પણ સહેલાઈથી કરી શકાય છે.



## મિત્રો સાથે રેસ કરવી ગમતી હોવાથી ગો કાર્ટીંગ ગમે

**સુરતી યંગ બોયઝમાં ગો કાર્ટીંગ અને પ્લે ઝોનમાં જવું ટ્રેન્ડિંગ બની ગયું છે. વેકેશન ચાલુ થઈ ગયું છે એટલે યંગ બોયઝ પ્લે ઝોનમાં જતા વધારે જોવા મળી રહ્યં છે. ગો કાર્ટીંગ એક નાનું અને ઓપન-વ્હીલ મોટર સ્પોર્ટ છે. સ્પીડ યંગ બોયઝને વધારે આકર્ષિત કરે છે અને આમાં સ્પીડમાં ગાડી ચલાવી મિત્રો સાથે રેસ કરી શકાતી હોવાથી યંગ બોયઝને તે વધારે થ્રિલિંગ લાગે છે.**



## આ સિંગર્સ ગમે

યંગ બોયઝ બોલીવુડ સિંગર અરિજિત સિંઘના ગીતો સાંભળવાનું અને હોલીવુડના સિંગર્સ જસ્ટિન બિબર,એડ-શિરીન, ટેલર સ્વિફ્ટ, વિકેન્ડ, બિલી આઇલિશ આ સિંગર્સના ગીતો પર બોયઝ ફીદા થઈ જાય છે. સ્પોર્ટ્સમાં તેમને ક્રિકેટ કરતાં પીકલબોલ વધારે ગમે છે.

## સ્માર્ટસ ગેજેટ્સમાં વધારે ખોવાયેલા રહે છે





યંગ બોયઝ ટેક્નોલોજી સાથે સતત અપડેટેડ રહેવા માંગે છે. તેઓ સ્ટડી માટે લેપટોપ યુઝ કરે છે. હાથમાં આઈ ફોન જેવા મોંઘા ફોન હોય અને એક્સપેન્સિવ સ્માર્ટ વોચ તેમને સ્ટેટસ સિમ્બોલ અને સ્ટાઇલ સ્ટેટમેન્ટ લાગે છે.



## ફેશનનો સૌથી મોટો ટ્રેન્ડ એટલે બેગી જીન્સ

ઢીલા કપડામાં આ એજના બોયઝ પોતાને વધારે કમ્ફર્ટેબલ ફિલ કરતા હોય છે એટલે બેગી જીન્સ પહેરવાનો ટ્રેન્ડ સુરતી યંગ બોયઝમાં જોવા મળી રહ્યો છે. અત્યારે ગરમી પણ છે ત્યારે ઢીલા કપડાં વધારે પહેરવાનું પસંદ કરાય છે એટલે પણ બેગી જે સ્ટ્રીટવેર અને કેઝ્યુઅલ લૂક આપતી હોવાથી પસંદ કરાય છે. તેને હુડીઝ, ઓવરસાઈઝડ ટી-શર્ટ અને સ્નિકર્સની સાથે સ્ટાઇલ કરવાથી સ્ટાઈલિશ લુક મળે છે.

## પીઝા, પાસ્તામાં ઓરેગેનો, ચીલી ફ્લેક્સનો ટેસ્ટ નવો ટેસ્ટ લાગે છે

પીઝાને યંગ બોયઝ ગ્રુપ બોન્ડિંગને વધુ મજબૂત કરનારું ફૂડ માને છે કેમકે, તે શેયર કરીને ખવાતું હોય છે. તેમને પંજાબી ફૂડ જેમકે છોલે ભટુરે, દાળ મખની વધારે નહીં ભાવે પણ પીઝા-પાસ્તામાં રહેલું ચીઝ, બટર અને વ્હાઇટ સોસ વધારે ગમે છે. તેમાં ઓરેગેનો, ચીલી ફ્લેક્સ અને હર્બ્સનો ટેસ્ટ નવીનતા આપતા હોવાનું લાગે છે વળી તે આસાનીથી ગમે ત્યાં મળી જાય છે અને સહેલાઈથી ખાઈ શકાઈ છે.





## ક્લાસી ચેલ્સી શૂઝ અને મોંઘા સ્નિકર્સ તો જોઈએ જ



સુરતી યંગ બોયઝ પોતાના દેખાવને સ્માર્ટી લુક આપવા કોઈ કોમ્પ્રોમાઇઝ નથી કરવા માંગતા. ચેલ્સી બૂટ ક્લાસી અને સ્ટાઈલિશ લુક આપતા હોવાથી અને તેમાં થોડી હિલ હોવાથી પર્સનાલીટી સારી પડે છે, એમાં લેસ બંધાવાની ઝંઝટ નથી હોતી એટલે આ બુટ્સ ટ્રેન્ડિંગ છે. યંગ બોયઝ મિત્રોમાં વટ પડી જાય તેવા મોંઘા મોંઘા સ્નિકર્સ તરફ વધારે આકર્ષિત થઈ રહ્યા છે. વળી તે આરામદાયક હોવાની સાથે દરેક આઉટફિટ્સ સાથે મેચ થાય છે.



## 20-21 વર્ષના સુરતી બોયઝમાં જીમિંગનો ક્રેઝ

હવે તો દરેક ઉંમરના લોકો સારી હેલ્થ માટે જીમમાં જઈને કસરતો કરવાનું પસંદ કરે છે. સોશ્યલ મીડિયા પર બોડી બિલ્ડર્સની આકર્ષક બોડી જોઈને તેમને પણ પોતાના મસલ્સ મજબૂત બનાવાની ઇચ્છા થાય છે. આકર્ષક બોડી પર કોઈની નજર પડે એટલે જીમિંગ કરતા બોયઝમાં પોતાનો આત્મવિશ્વાસ વધી જતો હોય છે. સોશ્યલ મીડિયા પર પોતાની મસલ્સ વાળી બોડીના ફોટો અપલોડ કરી બીજાઓ તરફથી લાઇક મેળવવા પણ આજકાલ જીમમાં જવાનો ટ્રેન્ડ વધ્યો છે.